## ડાયરેક્ટ ❤ સે

સાચી મૂડી
એ આપણા સંબંધો છે
બાકી
મહેલોની એકલતામાં
કંઈક ધૂરંધર રોયા છે

## જન્મદિને વધામણી


**અશોકસિંહ ટી પરમાર**
ટ્રસ્ટી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર


**શ્રેયા હિમાંશુ શાહ**
મો. ૮૧૪૧૦ ૨૯૪૬૧


**હયાન વિપુલ ચૌહાણ**
મો. ૯૦૬૭૧ ૩૧૩૭૨

## ઊર્જિતા પટેલ પીએચડી થયાં



ગાંધીનગર, તા. ૧૪
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનાં લાયબ્રેરીયન ઊર્જિતા સત્યમ પટેલ તાજેતરમાં પીએચડી થયાં છે.

ઊર્જિતાએ ડૉ. ભગવાનભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ 'ઈન્ફર્મેશન સીકિંગ બિહેવીયર ઑફ ફૅકલ્ટી મૅમ્બર્સ ઑફ ધી કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર' વિષયે શોધ નિબંધ તૈયાર કર્યો હતો, જેને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા માન્ય રાખીને તેમને પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૧**
ઑક્ટોબર
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન - ૩**
રેવા (ગુજરાતી)
૧૨.૩૦
રેમ્પેજ (અંગ્રેજી)
૩.૩૦, ૮.૦૦
રેમ્પેજ (હિન્દી)
૪.૪૫, ૧૦.૧૫
**સ્ક્રીન - ૪**
મર્ક્યુરી સાયલેન્ટ
૧૨.૩૦, ૭.૪૫
ફેરા ફેરી હેરા ફેરી
(ગુજરાતી)
૨.૩૦, ૯.૪૫
રેઈડ
૫.૧૫
**સ્ક્રીન - ૫**
ઑક્ટોબર
૧.૦૦
બાગી-૨
૩.૪૫, ૯.૩૦
બ્લેક મેઈલ
૬.૪૫

### આજે સાંજે ''વાર્તાયન''માં સૌને નિમંત્રણ

# ગુજરાતી ભાષાની પ્રથમ વાર્તા '' ગોવાલણી'' વંચાશે

**રાઘવજી માધડ તથા કલ્પેશ ભટ્ટ પોતાની મૌલિક વાર્તાઓનું તથા ગુજરાતી ભાષાની પ્રથમ ટૂંકીવાર્તા ''ગોવાલણી''નું પઠન પ્રા. ડૉ. લીના સ્વાદિયા કરશે**




ગાંધીનગર, તા. ૧૪
આવતીકાલના વાર્તાકારોને પ્રોત્સાહિત કરતા ''મમતા'' વાર્તામાસિક અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી ''વાર્તાયન'' પર્વ – ૪ની બેઠક તા. ૧૫, એપ્રિલ, ૨૦૧૮ રવિવારે સાંજે પાંચ કલાકે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭, ગાંધીનગર મુકામે મળશે. જેમાં રાઘવજી માધડ તથા કલ્પેશ ભટ્ટ પોતાની મૌલિક વાર્તાઓનું તથા ગુજરાતી ભાષાની પ્રથમ ટૂંકીવાર્તા ''ગોવાલણી''નું પઠન પ્રા. ડૉ. લીના સ્વાદિયા કરશે. રજૂ થનાર વાર્તાઓની સમીક્ષા પ્રજ્ઞા પટેલ કરશે. કાર્યક્રમ માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. સૌ ભાવકો, રસિકોને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ છે, એવું સંયોજક શ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે એક યાદીમાં જણાવ્યું છે.

### શેઠ ઍચ ઍમ સાર્વજનિક હાઇસ્કૂલ, સોજા દ્વારા

# જલિયાંવાલા બાગ બલિદાન દિવસ ઉજવાયો





ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધપ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ ઍચ ઍમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે ૧૩મી એપ્રિલના રોજ જલિયાંવાલા બાગ બલિદાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય ભાવેશ જોષીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આઝાદી પૂર્વે અંગ્રેજોના દમન અને ક્રાંતિકારીઓના બલિદાન અંગે આજની પેઢીને અવગત કરાવવા તથા શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવાના શુભાશયથી આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના સામાજિક વિજ્ઞાનના સારસ્વત મિત્ર વી એમ ડામોર, બી બી પટેલ, આર જે પટેલ, સી એમ ઠાકોરે જલિયાંવાલા બાગ હત્યાકાંડ વિશે બાળકોને વિસ્તૃત સમજ આપતું વક્તવ્ય રજૂ કર્યું હતું. આ દિવસે બાળકોને ઈનામ, પુરસ્કાર વિતરણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. સહઅભ્યાસ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનારાં બાળકોને દૂધસાગર ડેરીના ડિરેક્ટર ઘનશ્યામસિંહ વાઘેલા, તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય અને સામાજિક કાર્યકર કિરીટભાઈ પટેલ, અક્ષયપાત્ર યોજનાના વ્યવસ્થાપક મૅનેજર પ્રતાપ રાઠોડના વરદ્ હસ્તે ઈનામો અને પુરસ્કાર અર્પણ કરાયાં હતાં.

### કલોલની પી. જે. વખારીયા હાઈસ્કૂલ ખાતે

# લીગલ લીટરસી કલબનો આરંભ




ગાંધીનગર, તા. ૧૪
દેશના નાગરિકોને પોતાના હકો અંગેનો ખ્યાલ વિશેષ હોય છે, પરંતુ નાગરિકોને નાગરિક તરીકેની પોતાની ફરજનો પણ ખ્યાલ હોવો ખૂબ જરૂરી છે, તેવું આજરોજ ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે સ્કુલ લીગલ લીટરસી કલબનો આરંભ કરાવતા ગુજરાત હાઈકોર્ટના સીનીયર જજશ્રી એમ.આર.શાહે જણાવ્યું હતું.

ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસીસ ઓથોરીટી, ગાંધીનગર અને ડિસ્ટ્રીક્ટ કોર્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કલોલ શહેરની પી.જે.વખારીયા હાઈસ્કુલ ખાતે લીગલ લીટરસી કલબનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કલબના આરંભ કરાવી ગુજરાત હાઈકોર્ટના સીનીયર જજશ્રી અને સ્ટેટ સર્વિસીસ ઓથોરીટી, અમદાવાદના એક્ઝીક્યુટીવ ચેરમેન શ્રી એમ.આર.શાહે વધુમાં જણાવ્યું હતું કે, આજનો વિધાર્થી આવતીકાલનો નાગરિક છે. તેને વિધાર્થી જીવનકાળ દરમ્યાન જ કાયદાનું જ્ઞાન મળી રહે તેવા ઉમદા આશયથી લીગલ લીટરસી કલબ શરૂ કરવામાં આવી છે. દેશનું બંધારણ અને કાયદાઓ અંગે તે વધુ માહિતગાર બને, તેમજ કયા કયા કાયદાઓ છે અને શું શિક્ષા થઈ શકે છે, તેવી માહિતી મળી રહે તે ખૂબ જરૂરી છે. ભવિષ્યમાં સારા નાગરિકોનું ધડતર કરવામાં આવી લીગલ લીટરસી કલબ મહત્વની ભૂમિકા અદા કરશે, તેવો દ્રઢ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

કલોલની પી.જે.વખારીયા હાઈસ્કુલમાં આરંભ થયેલ લીગલ લીટરસી કલબમાં બાળકોના અધિકાર, મહિલાઓના અધિકાર, મજૂર કાયદો, કાયદો બધાને માટે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તથા વનવાસીઓનો અધિકાર, સમાજિક આર્થિક અધિકાર, પંચાયતી રાજ અને કાનૂની સહાયતા જેવા વિષય પર સરળ ભાષામાં કાયદાની માહિતી આપતા પુસ્તકો મુકવામાં આવ્યા છે.

લીગલ લીટરસી કલબનો આરંભ કરાવ્યા બાદ ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ શ્રી એમ.આર.શાહના હસ્તે કલોલ તાલુકા કેળવણી મંડળ સંચાલિત મનસુખભાઈ જે. મેદાણી મૂટ કોર્ટનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ચેરમેન શ્રી એ.સી.રાવ, કાનૂની મંડળના સચિવ શ્રી એમ.બી.ગાસોરા, કલોલ નગરપાલિકાના પ્રમુખ શ્રી આનંદીબેન પટેલ, શાળા ટ્રસ્ટી મંડળ અને શાળા પરિવાર સહિત બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# બિનચેપી રોગો માટેના પોપ્યુલેશન બેઝ્ડ સ્ક્રીનીંગ માટે એનસીડી સોફટવેર લોન્ચ કરાયું



ગાંધીનગર, તા. ૧૪
બિનચેપી રોગો માટેના પોપ્યુલેશન બેઝૂડ સ્ક્રીનીંગ અંતર્તગ આજરોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સમગ્ર દેશમાં એન.સી.ડી. સોફટવેર લોન્ચ કરવામાં આવ્યું છે.

ભારત સરકારના આયુષ્યમાન ભારત કાર્યક્રમ અંતર્ગત ડાયાબિટીસ, બી.પી., કેન્સર જેવા બિનચેપી રોગો માટેના પોપ્યુલેશન બેઝૂડ સ્ક્રીનીંગ કરવા માટે કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા દેશભરમાં એન.સી.ડી સોફટવેર અમલી બનાવવામાં આવ્યું છે. આ સોફટવેરમાં રાજયની આશાબેનો દ્વારા બિનચેપી રોગોનું ઘરે-ઘરે જઈને સ્ક્રીનીંગ કર્યુ છે. તે માહિતીને આ સોફટવેરમાં અપડેટ કરવામાં આવશે. આ સોફટવેરના લોન્ચીંગ પ્રસંગને ઉનાવાના પી.એચ.સી સેન્ટરમાં બેસીને ગુજરાત રાજયના મિશન ડાયરેકટ ડૉ. ગૌરવ દહિયા, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, આરોગ્ય અને પરિવાર કલ્યાણના એડીશનલ ડાયરેકટર ડૉ. એન. બી. ધોળકિયા, ગાંધીનગરના સી.ડી.એચ.ઓ. ડૉ. એમ. એચ. સોંલકી, આર. સી. એચ. ઓ. ડૉ. હરેશ નાયક, ટી. એચ. ઓ. ડૉ. હરેશ ત્રિવેદી, એમ.ઓ.-પી.એચ.સી., ઉનાવા ડૉ. બીનાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં આરોગ્ય સેવા સાથે સંકળાયેલા કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વૅકેશનના સમયના સદુપયોગ માટે

# આજથી પ્રેરણા વિદ્યાલયમાં કલા શિબિરનો પ્રારંભ કરાશે

**શિબિરમાં પ્રવેશ મેળવવા છેલ્લી તક : રવિવાર સુધી ફૉર્મ ભરી પ્રવેશ મેળવી શકાશે**

ગાંધીનગર, તા. ૧૪
વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ દ્વારા રવિવાર, તા. ૧૫ એપ્રિલથી કલા શિબિરનો પ્રારંભ થઈ રહ્યો છે. આ શિબિર તા. ૨૫ એપ્રિલ સુધી ચાલશે.

પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સર્જનશીલ બાળકો-યુવાનો વૅકેશનના સમયનો સદુપયોગ કરી શકે અને પોતાની પસંદગીની કલાની વ્યવસ્થિત તાલીમ મેળવી કલાભિમુખ બની શકે તે હેતુથી નગરના રજિ. ચેરીટેબલ ટ્રસ્ટ જી ઈ ક્લબ દ્વારા વર્ષ ૧૯૯૯થી કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં પ્રતિ વર્ષ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ભાગ લે છે. છેલ્લાં ત્રણ વર્ષથી પ્રેરણા વિદ્યાલય પણ આ સર્જનશીલ અભિગમમાં જોડાઈ છે અને ગત ત્રણેય વર્ષે બંને સંસ્થાઓએ સાથે મળીને સફળતાપૂર્વક કલા તાલીમ શિબિરનું આયોજન કર્યું હતું. આ વખતે પણ એ જ રીતે કલા તાલીમ શિબિરનું આયોજન બંને સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં શહેરમાં અને શહેર બહાર વસતાં તમામ બાળકો ભાગ લઈ શકે છે. શિબિર બાદ તાલીમાર્થીઓને સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

તા. ૧૫ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમ્યાન સવારના સમયે આ શિબિર અંતર્ગત તાલીમનું આયોજન કરાયું છે, જેમાં ડ્રોઈંગ, મહેંદી, કથ્થક, વેસ્ટર્ન ડાન્સ, લોક નૃત્ય, કરાટે, નાટક, વ્યક્તિત્વ વિકાસ ઉપરાંત કૉમ્પ્યુટરની તાલીમ આપવામાં આવશે. સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનાર તાલીમાર્થીને સંસ્થા તરફથી પ્રમાણપત્ર તથા સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે. ઓછામાં આછા ૮ વર્ષ અને વધુમાં વધુ ૧૭ વર્ષની વયનાં બાળકો, તરૂણો આ શિબિરમાં ભાગ લઈ શકશે.

શિબિરમાં પ્રવેશ માટે હજુ પણ તાલીમાર્થીઓને તક ઉપલબ્ધ છે. આ હેતુ રવિવારે સવારે ૮થી ૧૧ દરમ્યાન પ્રેરણા વિદ્યાલ, સેક્ટર-૫ એ (ફોન નંબર ૨૩૨૪૬૦૦૭ અથવા મોબાઈલ નં. ૯૪૨૬૩ ૫૯૫૨૨) ખાતેથી ફોર્મ મેળવી ભરી દેવા તેમના દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# ગઝલે ગુજરાતી ભાષાને ધબકતી રાખી છે

ગાંધીનગર, તા. ૧૪
ગુજરાતી તેમજ ઉર્દૂ કાવ્ય ગઝલ મહોત્સવ કાવ્યમુદ્રાની શુક્રવારે શરૂઆત થઈ. ત્રણ દિવસના આ મહોત્સવના ઉદ્દઘાટન પ્રસંગે જાણીતા કવિ રાજેશ વ્યાસ મિસ્કીને જણાવ્યું કે, આજે ગુજરાતી ગઝલ ઉર્દૂ ભાષાની ગઝલોને અતિક્રમી ગઈ છે. કાવ્યમુદ્રાની પ્રવૃત્તિઓ વિશે વાત કરતાં આયોજક હર્ષદ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯થી ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકારને વિનોદ નિઓટિઆ એવોર્ડથી સન્માનમાં કરવામાં આવે છે, જે આ વર્ષે ગઝલમાં આધ્યાત્મ અને ધર્મના ભાવ રજૂ કરતાં ઋષિ કવિ રાજેન્દ્ર શુકલને એનાયત કરવામાં આવી રહ્યો છે. આ એવોર્ડની પસંદગી સમિતિમાં રઘુવીર ચૌધરી, રાજેન્દ્ર પટેલ અને વસંત ગઢવી હતા. આ વર્ષથી પ્રથમ વખત યુવા પ્રતિભા એવોર્ડ આપવાની શરૂઆત કરી રહ્યા છીએ, જેના માટે સ્નેહી પરમારની પસંદગી કરી છે, આ એવોર્ડની પસંદગી સમિતિમાં રાજેશ વ્યાસ મિસ્કીન, તુષાર શુકલ અને વસંત ગઢવી હતા.

એવોર્ડ પ્રાપ્ત કરતા કવિઓ વિશે કવિ રાજેશ વ્યાસ મિસ્કીન જણાવ્યું હતું કે, ગુજરાતી ભાષા વહેણ બદલતી આજની ભાષા સુધી પહોંચી ગઈ છે, ગુજરાતીમાં ખૂણે ખૂણે લખાતી ગઝલે ગુજરાતી ભાષાને ધબકતી રાખી છે.

કવિ રાજેન્દ્ર શુકલ વિશે તેમણે જણાવ્યું કે, ઉપનિષદની ભાષા ગઝલમાં ઉતારે તો કેવું લાગે એ રાજેન્દ્ર શુકલએ બતાવ્યું. જ્યારે સ્નેહી પરમાર વિશે તેમણે કહ્યું કે, સ્નેહી ગઝલની મારા પીંછીની પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે, જે ગુજરાતી ગઝલને પોતાના અવાજ તરફ લઈ જાય છે. જ્યારે આ એવોર્ડ પ્રાપ્ત કરતા સ્નેહી પરમારે જણાવ્યું હતુ કે, કવિતા દ્વારા અમે લોકોના વકીલ હોવાની ભૂમિકા અદા કરીએ છીએ.

રાજેન્દ્ર શુકલએ આ એવોર્ડ સ્વીકારતા જણાવ્યું કે, સર્જકની એક શોધ હોય છે, પોતાના અસ્તિત્વના સાર્થક્યની પણ, એમાં એક સભાનતા હોય છે.

આ પ્રસંગે મરીશ મહેફિલ અંતર્ગત યોજાયેલાલાં મનશાયરામાં કવિ સ્નેહી પરમાર, ડો. રઈશ મણિયાર, ગૌરાંગ ઠાકર, ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા, ભાવિન ગોપાણી અને અનંત રાઠોડે મરીઝ તેમજ પોતાની મૌલિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી, રઘુવીર ચૌધરી, પરિંદુ ભગત સહિત સંગીત અને સાહિત્ય જગતના અનેક જાણીતા લોકો હાજર રહ્યા હતા.

# ૨૩મી એપ્રિલે ૧.૩૬ લાખ વિદ્યાર્થી ગુજકેટ આપશે

ગાંધીનગર, તા. ૧૪
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડિગ્રી એન્જિનિયરિંગ અને ડિગ્રી ફાર્મસી તથા ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે લેવાનારી ગુજકેટ માટે ૧.૩૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં એ ગ્રૂપ કરતા બી ગ્રૂપના વિદ્યાર્થીઓ વધુ સંખ્યામાં નોંધાયા હોવાનું જાણવા મળે છે. બી ગ્રૂપના વિદ્યાર્થીઓ મોટા ભાગે મેડિકલ-પેરામેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા હોય છે પરંતુ તેમ છતાં તેઓ ફાર્મસીમાં પણ પ્રવેશને લઈને ગુજકેટમાં ઉપસ્થિત રહેશે. બોર્ડ દ્વારા ગુજકેટનું સમયપત્રક પણ જાહેર કરાયું છે, જેમાં ૨૩ એપ્રિલ પરીક્ષા સવારે ૧૦ વાગ્યે શરૂ થશે અને ત્રણ તબક્કામાં ૪ વાગ્યે પૂર્ણ થશે. .

ગુજકેટ માટે એ ગ્રૂપના ૬૨૧૭૩ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જ્યારે બી ગ્રૂપના ૭૩૬૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. એબી ગ્રૂપના ૩૬૩ વિદ્યાર્થીઓ મળી ગુજકેટ માટે કુલ ૧૩૬૧૫૬ વિદ્યાર્થીઓ નોંધાયા હોવાનું જાણવા મળે છે. ગુજકેટ માટે ૧૬મીએ સ્કૂલમાં હોલ ટિકિટ મોકલવામાં આવશે. જ્યારે ૧૭મીથી વિદ્યાર્થીઓ વેબસાઈટ પરથી પણ હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવી છે. ગુજકેટમાં એ ગ્રૂપ કરતા બી ગ્રૂપના વિદ્યાર્થીઓ વધુ સંખ્યામાં નોંધાયા છે. ગુજકેટ ૨૩ એપ્રિલના રોજ લેવાશે. જેમાં સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમિયાન ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનની પરીક્ષા સાથે લેવાશે. ત્યારબાદ ૧થી ૨ વાગ્યા દરમિયાન જીવવિજ્ઞાનની પરીક્ષા લેવાશે અને ૩થી ૪ વાગ્યા દરમિયાન ગણિતની પરીક્ષા લેવામાં આવશે. આમ, ત્રણ તબક્કામાં ચાર વિષયની પરીક્ષા લેવામાં આવશે. બોર્ડ દ્વારા પરીક્ષા પૂર્ણ થયા બાદ એક-બે દિવસમાં જ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી દેવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.

# અમેરિકા-ચીન વચ્ચેના 'ટ્રેડ વૉર' વિશે વિશ્વકોશમાં વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૪
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીમાં સાહિત્ય, શિક્ષણ, અર્થશાસ્ત્ર, સંસ્કૃતિ જેવાં વિષયો પર વ્યાખ્યાનો યોજાય છે. એ સંદર્ભમાં રમેશભાઈ બી. શાહે 'ટ્રેડ વૉર' - અમેરિકા અને ચીન વચ્ચેનું વેપારયુદ્ધ વિશે વકતવ્ય આપતાં જણાવ્યું કે પહેલી માર્ચે અમેરિકાએ પોલાદની આયાત પર ૨૫ ટકા અને એલ્યુમિનિયમની આયાત પર ૧૦ ટકા જકાત નાખીને વેપારયુદ્ધનો આરંભ કર્યો છે.

તેમણે કહ્યું કે, આરંભમાં યુરોપિયન યુનિયન અને ચીન સહિતના દેશો સામે ટ્રમ્પે વેપારજંગ માંડ્યો છે તેવું ચિત્ર ઉપસ્યું હતું, પરંતુ એ પછીના દિવસોમાં આ વેપારયુદ્ધ અમેરિકા અને ચીન વચ્ચેનું જ હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. અમેરિકા-ચીન વચ્ચેના ચીજવસ્તુઓના વેપારમાં અમેરિકા મોટી ખાધ ભોગવી રહ્યું છે અને ચીન મોટી પુરાંત ધરાવે છે, તેથી અમેરિકા તેની ખાદ્ય ઘટાડવા જકાતનો આશ્રય લે તે સમજી શકાય એવું છે.

# ધો. ૧૦ના ગણિતમાં ગ્રેસિંગની શક્યતા નહીંવત

ગાંધીનગર, તા. ૧૪
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનની કાર્યવાહી શરૂ કરાઈ હતી. હાલમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી ચાલુ છે. જે ટૂંક સમયમાં પૂર્ણ થશે. આમ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની ૬૦ લાખ અને ધોરણ-૧૨ સાયન્સની ૫.૯૨ લાખ મળી કુલ ૬૬ લાખ જેટલી ઉત્તરવહીની ચકાસણી પૂર્ણ કરી લીધી છે. જ્યારે ધોરણ-૧૦માં ગણિતના પેપરમાં ગ્રેસિંગનો છેદ અધિકારીઓએ ઉડાવી દીધો છે.

બોર્ડની પરીક્ષા ૨૮મી માર્ચે પૂર્ણ થાય તે પહેલા જ બોર્ડ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દીધી હતી. ધો-૧૦માં ૬૦ લાખ જેટલી ઉત્તરવહીનું મૂલ્યાંકન થઈ ચૂક્યું છે. જ્યારે ધો-૧૨ સાયન્સમાં પણ ૫.૯૨ લાખ ઉત્તરવહી તપાસાઈ ચૂકી છે. જ્યારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં અંદાજે ૨૦ લાખ કરતા વધુ ઉત્તરવહીઓનું મૂલ્યાંકન થઈ ચૂક્યું છે અને બાકીની ઉત્તરવહીઓની ચકાસણી ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે. ધો-૧૦માં ગણિતનું પેપર અઘરું ગયું હોવાથી તેમાં ગ્રેસિંગની વાતો ઉડતી થઈ હતી.